પોલીસકસ્ટડીમાં કેદીઓનાં મોતઃ સજા પહેલાં જ ફેંસલો?

# ચિત્રલેખા

૨૫ ઓગસ્ટ, ૨૦૧૪ | ₹ ૨૦


૧૯૫૦થી
સદા અગ્રેસર

www.chitralekha.com

VIDEO
From the Editor




આ અંકમાં...



## નવ્ય... ભવ્ય... દિવ્ય!

અદ્ભુત સ્વામિનારાયણ મંદિરનું અનેરું લોકાર્પણ

ન્યુ જર્સીથી વિશેષ અહેવાલ




# આધ્યાત્મિક ઉત્કર્ષનો અનેરો ઉત્સવ


**ન્યુ** જર્સીમાં કેવી રીતે સર્જાયું આ નવું, બેનમૂન મંદિર... શું છે એની વિશિષ્ટતા અને કેવો ખેડ્યો પુરુષાર્થ હરિભક્તો તથા કાર્યકરોએ?

■ **કેતન** મિસ્ત્રી (ન્યુ જર્સી)

ઓરિજિનલ અમદાવાદી હાલ ન્યુ જર્સીમાં રહેતા યોગી ત્રિવેદી ત્રીસીમાં પ્રવેશેલા યુવા પ્રોફેસર છે. અહીંની પ્રતિષ્ઠિત *કોલમ્બિયા યુનિવર્સિટી*ના *ડિપાર્ટમેન્ટ ઑફ રિલિજિયન*માં એ પત્રકારત્વના વિદ્યાર્થીઓને *હાઉ ટુ કવર રિલિજિયન?* એનો કોર્સ ભણાવે છે. *સીબીએસ ન્યૂઝ* તથા *સીએનએન*માં કામ કરી ચૂકેલા યોગી દર વર્ષે પોતાના વિદ્યાર્થીઓને લઈને વેટિકન, ઈઝરાયલ જેવાં ધાર્મિક મહત્ત્વ ધરાવતાં સ્થળના પ્રવાસ કરે છે.

કારકિર્દીની રીતે જોતાં એક મહત્ત્વના સ્થાને બિરાજતા આ યોગી ત્રિવેદી સાથે અમારો ભેટો થયો ત્યારે એ આ મંદિર મહોત્સવના રસોડામાં સેવા આપતા હતા. પંડિત જસરાજના શિષ્ય અને શાસ્ત્રીય સંગીતકાર (કંઠ્ય) યોગી





***બે હજારથી વધુ કારીગરોએ પૂરતી ધીરજ સાથે બારીક કોતરણીકામ દ્વારા પથ્થરોને જીવંત કરી દીધા.***





કહે છેઃ

'મારા ગુરુ પૂજ્ય પ્રમુખસ્વામીના આ વિરાટ કાર્યમાં મને સેવા કરવા મળે છે એ જ મારું સૌભાગ્ય. રસોડામાં મળે કે ઑડિયો-વિઝ્યુઅલ વિભાગમાં એ ગૌણ છે-મહત્ત્વનું છે અમારા ગુરુનો રાજીપો!'

■ ■ ■

**ગ**યા રવિવારે (૧૦ ઓગસ્ટે) અમેરિકાના ન્યુ જર્સીના રોબિન્સવિલમાં *બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ* (બીએપીએસ) સંસ્થાના મંદિરનું વિધિવત્ લોકાર્પણ કર્યું સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ તથા કેટલાક મોટેરા સદ્ગુરુ સંતોએ.

અમેરિકામાં આવા ઉત્સવ વીકએન્ડમાં જ ઊજવાતા હોય છે એ ન્યાયે છેલ્લા સતત બે વીકએન્ડમાં વૈદિક વિશ્વશાંતિ મહાયજ્ઞથી લઈને સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળકો દ્વારા નૃત્ય, એક હૃદય સોંસરવો સંવાદ તથા મહિલા સંમેલન યોજાયાં. આ ઉપરાંત, હિંદુ શાસ્ત્રોક્ત પરંપરા મુજબ મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શોભાયાત્રા પણ રોબિન્સવિલમાં નીકળી.

વીકએન્ડનો ચરમ આવ્યો રવિવારની સવારે જ્યારે પૂજ્ય પ્રમુખસ્વામીએ સ્વહસ્તે મંદિરના ગર્ભગૃહમાં ભગવાન સ્વામિનારાયણની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાવિધિ પાર પાડી.

ન્યુ જર્સીમાં સરજાનારા અક્ષરધામનું પ્રથમ ચરણ હતું આ મંદિર. આ મંદિરનું બારીક નકશીકામ, વગેરે સર્વોપરી છે એમાં બેમત નથી.

એમાંય બારેમાસ તથા હાડ ગાળી નાખતી ઠંડી, વરસાદ કે ગમે એવા વિષમ હવામાનમાં પણ મંદિરના ઈટાલિયન મારબલને ઊની આંચ ન આવે તથા ભક્તો વિષમ હવામાનમાં પણ અહીં આવીને શ્રદ્ધાનાં પુષ્પો ચડાવી શકે એ માટે શિખરબદ્ધ મંદિરની ફરતે બનાવવામાં આવેલા જંગી એન્ક્લોઝરનો વિચાર કમાલનો છે. જાણે ઝવેરાતનો દાબડો જોઈ લોઃ ઉઘાડો ને અંદર મહામૂલા નજરાણા સમું મંદિર. મુખ્ય મયૂરદ્વારથી લઈને આસપાસ રચવામાં આવેલું ઉદ્યાન, સરોવર, જળસીકર ઉડાડતા ફુવારા, વગેરે પરમ શાંતિનો અનુભવ કરાવે છે.

એક સરસ સંયોગ એ છે કે છેક ૧૯૭૪માં પૂજ્ય પ્રમખસ્વામીએ પહેલી વાર અમેરિકાનો પ્રવાસ ખેડી ન્યુ યોર્કના ફ્લશિંગમાં એક નાનકડું મંદિર બનાવેલું. આજે બરાબર ૪૦ વર્ષ પછી નૉર્થ અમેરિકા-કેનેડામાં બીએપીએસનાં ૮૦ જેટલાં હરિમંદિર તથા છ શિખરબદ્ધ મંદિર છે અને આશરે પિસ્તાલીસ હજાર જેટલા પરિવાર બીએપીએસના અનુયાયી છે.

સંસ્થાના વડીલ સંત પૂજ્ય ઈશ્વરચરણસ્વામી કહે છે કે આ લાગે છે એટલું સહેલું નહોતું. ૧૯૭૭માં પૂજ્ય પ્રમુખસ્વામી અને અમે બારેક સંત અમેરિકાના પ્રવાસે આવેલા ત્યારે ૯૨ દિવસનો થકવી નાખનારો મોટરપ્રવાસ કરેલો, જેમાં





*વિષમ મોસમમાં પણ મંદિરના સર્જનકાર્યમાં સાથ આપવા ઉપરાંત હરિભક્તો–મહિલાઓએ શણગારથી લઈને કિચન સુધીની કામગીરી સંભાળી લીધી.*





## આ મંદિર વિશે આટલું જાણી લો...

**આ**શરે ૧૪,૦૦૦ની વસતિ ધરાવતા રોબિન્સવિલમાં ૯ અને ૧૦ ઑગસ્ટે પંદર હજાર હરિભક્ત ઊમટી પડ્યા. સમગ્ર પરિસરનો કુલ વિસ્તાર ૧૬૮ એકર. આશરે **૬૮,૦૦૦** ક્યુબિક ફીટ ઈટાલિયન કરારા મારબલથી બનેલું મંદિર **૧૩૩** ફીટ લાંબું, **૮૭** ફીટ પહોળું, **૪૨** ફીટ ઊંચું છે. ત્રણ મુખ્ય ગર્ભગૃહ ધરાવતા મંદિરની સ્થાપત્યશૈલી *નાગરાદિ* છે. રાજસ્થાનના પિંડવાડામાં બે હજારથી વધુ કલાકારોએ નકશીકામ કરેલાં ઘડતર **૨૧,૫૦૦** માઈલનો દરિયાઈ પ્રવાસ ખેડી અહીં આવ્યાં, જ્યાં પચાસથી વધુ કારીગર તથા મંદિરના સ્વયંસેવકોએ એનું ફિટિંગ કર્યું. કુલ **૯૮** સ્તંભ, **૧૭૬** મોભ, કળાત્મક ગુંબજ અને મયૂરાકારની **૬૬** કમાન ધરાવતા મંદિરના સ્થાપત્યમાં **૯૧** ગજરાજ, **૪૪** ગણેશજીની મૂર્તિ વિવિધ સંગીતવાદ્યો સાથે જોવા મળે છે. બલ્ગેરિયન લાઈમસ્ટોનના બનેલા મંદિરના પ્રવેશદ્વારને *મયૂરદ્વાર* નામ આપવામાં આવ્યું છે, જેમાં **૨૩૬** મયૂર છે. અમેરિકાની કેટલીક વિષમ ઋતુ સામે હજારો વર્ષ સુધી રક્ષણ મળે એ હેતુસર આ શિખરબદ્ધ મંદિરને **૧૩૫** ફીટ પહોળા ને **પંચાવન** ફીટ ઊંચા એન્ક્લોઝરમાં સમાવી લેવામાં આવ્યું છે.

અમેરિકાના એક છેડેથી બીજે છેડે રહેતા ગુજરાતીઓ, સત્સંગીઓનાં ઘરોમાં પધરામણી કરેલી. ન્યુ યૉર્કથી કેનેડા, શિકાગો થઈને ચાર દિવસે સાન ફ્રાન્સિસ્કો પહોંચેલા. રાતે પ્રવાસ કરવાનો, દિવસે હરિભક્તોનાં ઘરે જવાનું. એ વખતે ડૉ. કે.સી. પટેલ અમેરિકા ખાતે સંસ્થાના મોભી હતા અને જમીન સંપાદન કરવાથી માંડીને વિવિધ પ્રવૃત્તિમાં ઊંડો રસ લેતા. આજે એ કાર્ય કનુભાઈ પટેલ સુપેરે પાર પાડે છે.

ઉલ્લેખનીય છે કે ૧૯૯૮માં પૂજ્ય પ્રમુખસ્વામીએ એક સંકલ્પ કરેલો કે અમેરિકાની ધરતી પર, ખાસ તો ન્યુ જર્સીમાં એક અક્ષરધામનું સર્જન કરવું જોઈએ...

...ન્યુ જર્સીના આ નૂતન સર્જન ભણી પાછા ફરીએ તો ભારતીય શિલ્પશાસ્ત્ર આધારિત આ મંદિરનાં મનોરમ્ય ભવ્ય શિખર જોઈને આમાં કેટલા મિલિયન ડૉલર્સ ખર્ચાયા હશે અથવા કેટલો ઈટાલિયન મારબલ વાપરવામાં આવ્યો હશે એવું વિચારનારાઓને એના પાયામાં મૂક સેવકોનાં નિ:સ્વાર્થ ભાવે રેડાયેલાં પરસેવા–પરિશ્રમ, સેવાસમર્પણનો ભાગ્યે જ ખયાલ હશે.

આવા એક સેવક અમને મંદિરના પરિસરમાં મળી ગયા હર્ષદભાઈ ચાવડા. છેલ્લાં ચાલીસેક વર્ષથી હર્ષદભાઈ રાજસ્થાનના પિંડવાડામાં ધૂણી ધખાવીને બેઠા છે. ટાઢ હોય કે ચામડી ચીરી નાખે એવો ઉનાળો, હર્ષદભાઈ ત્યાં કામ કરતા આશરે બે હજાર જેટલા કારીગરોનાં માથાં પર ઊભા રહીને નકશામાં હોય એ










*નવા મંદિરમાં પ્રસ્થાપિત થનારી મૂર્તિઓની શોભાયાત્રા...*

મુજબ બારીક કોતરણીકામ કરાવડાવે છે, જાતે પણ કરે છે. એ કહે છેઃ

'૧૯૭૫માં પૂજ્ય બાપાએ મને પહેલી વાર રાજસ્થાન મોકલેલો ત્યારે મને સ્ટોનવર્ક શું એ ખબર જ નહોતી, પણ ધીરે ધીરે બધું આવડી ગયું.'

પથ્થરનાં ઘડતર એ અપાર ધીરજ માગી લેતું કામ છે. હર્ષદભાઈ પોતે ગાંઠનાં ગોપીચંદન કરીને પૂજ્ય પ્રમુખસ્વામીનાં મંદિરો માટે આ સેવા કરે છે. સ્ટોન-કાર્વિંગ ફેક્ટરી ધરાવતા હર્ષદભાઈએ પોતાની જીવનભરની બચત આ રોબિન્સવિલ મંદિરમાં સમર્પિત કરી દીધી છે. એમના જેવા જ બીજા સેવક છે રાજકોટના પ્રતાપસિંહ ઝાલા. એ રાજસ્થાન-મધ્ય પ્રદેશની સરહદે આવેલા મજોલિયા ગામની ખાણમાં ઊતરીને સારા પથ્થર બહાર કઢાવે છે. એ કહે છે કે મારી સાથે સંસ્થાના સાધુ પરમનયનસ્વામી પણ હોય છે, જે જાતે રસોઈ બનાવીને જમે, અમને ને કારીગરોને જમાડે.

એ જ રીતે વિનોદભાઈ પટેલ ખાસ આ મંદિર, અક્ષરધામના પ્રોજેક્ટ માટે પોતાનો વ્યવસાય સમેટીને સેવામાં આવી ગયા છે. એ નૉર્ધર્ન યુરોપના બલ્ગેરિયામાં માઈનસ ૪૫ ડિગ્રીવાળા ઠંડા હવામાનમાં ઊતરીને સારી ગુણવત્તાવાળો બલ્ગેરિયન લાઈમસ્ટોન કઢાવે. જાતે એન્જિનિયર એવા વિનોદભાઈ ધારે તો એમની આ સર્વિસ માટે લાખ્ખો ડૉલર ચાર્જ કરી શકે, પણ એ તો સેવામાંય ઘરના ખર્ચે છે.

અહીં એક સમજવા જેવી વાત એ છે કે ખાસ કરીને અમેરિકા જેવા દેશમાં ડિઝાઈનિંગ તથા તૈયાર થયેલી ડિઝાઈનનો અમલ, વગેરે ભયંકર હદે ખર્ચાળ હોય તથા પારાવાર સમય માગી લે છે. અહીંના કાયદા મુજબ પ્રોફેશનલ અને લાઈસન્સધારક આર્કિટેક્ટ, કૉન્ટ્રાક્ટર, વગેરેને સાથે રાખીને તમે કોઈ પણ સર્જન-બાંધકામ કરી શકો.

– ને આવી બધી કામગીરી ઈનહાઉસ અથવા બીએપીએસના સ્વયંસેવકોએ જ પાર પાડી છે એથી મંદિરનું સર્જન માત્ર ત્રણ વર્ષ જેવા વિક્રમસર્જક સમયમાં તથા સાવ ઓછી કિંમતે થયું. અમુક પ્રકાશનમાં મંદિર બાંધવાનો ખર્ચ ૧૫૦ મિલિયન ડૉલર છાપવામાં આવ્યો એ સદંતર ખોટો છે. *ચિત્રલેખા*ના પ્રતિનિધિએ વિવિધ ડિપાર્ટમેન્ટના વડા સાથે બેસીને સર્જનપ્રક્રિયા સમજીને તાગ મેળવ્યો કે અમેરિકા જેવા દેશ પ્રમાણે ખર્ચ સાવ ઓછો છે અને એનું એકમાત્ર કારણ છે વૉલિન્ટિયર્સની અવિરત સેવા.

ઉદાહરણ તરીકે, શિકાગોની પ્રતિષ્ઠિત *સાચી કન્સ્ટ્રક્શન કંપની*ના રોહિતભાઈ પટેલે જનરલ કૉન્ટ્રાક્ટર તરીકે સેવા આપી.

બીએપીએસનાં શિકાગો, આટલાન્ટા, લોસ એન્જલિસ બાદ આ ચોથું મંદિર બાંધનારા રોહિતભાઈ કહે છેઃ 'આ પ્રોજેક્ટ અમારા માટે પડકારરૂપ હતો. આમાં





*પૂજ્ય સ્વામીબાપાના હસ્તે કળશપૂજા તથા સમૂહમહાયજ્ઞ...*

એક યા બીજી ચીજવસ્તુને સાંકળવી એ બહુ મોટો પડકાર હતો, જેમ કે આખું મંદિર ઍરકન્ડિશન્ડ છે, પણ તમને ખબર જ ન પડે કે ઠંડક થાય છે કેવી રીતે?'

બોસ્ટનના ભરતભાઈ પટેલે અઢી વર્ષની જહેમત બાદ સમગ્ર મંદિર પરિસરમાં પ્રકાશઆયોજન કર્યું. બોસ્ટનના જ યુવકમંડળના યુવાનોએ પ્રકાશની ગોઠવણી એ રીતે કરી છે કે ઈથરનેટની મદદથી આઈપૅડ દ્વારા પણ એમાં ફેરફાર કરી શકાય!

સાઈટ પરના સઘળા કારીગરો સાથે કો-ઑર્ડિનેશન કરનારા પંકજભાઈ પટેલ જરા જુદી વાત કરે છે. એ કહે છે કે અહીંના સાઈટ ઈન્સ્પેક્ટરો એવા હોય છે કે તમારું પાણી પણ ન પીવે, કૉફી તો દૂરની વાત રહી. આગોતરા સૂચના આપ્યા વિના નિરીક્ષણ કરવા આવી જાય, પણ હા... તમને જે મદદ જોઈતી હોય તે કરે. ભૂલ હોય તો સુધારી લેવા સમય પણ આપે, પરંતુ અહીં બધું પાર પડ્યું સમુંસૂતરું. આ તો અમારી ભક્તિ છે. અમને તો સત્પુરુષનો રાજીપો મળે એટલે બસ!

ખરું જોતાં કલાકના ધોરણે માણસો રાખીને આવું સર્જન શક્ય જ નથી. એમ તો દિલ્હી અક્ષરધામ બાદ આ રોબિન્સવિલ મંદિર તથા અહીંના અક્ષરધામ, વગેરેની ડિઝાઈન્સ બનાવનારા સાધુ શ્રીજીસ્વરૂપસ્વામી તથા સાધુ ભક્તિનંદનસ્વામી પોતે તાલીમબદ્ધ આર્કિટેક્ટ નથી. આમ છતાં સ્થાપત્યનાં નમૂના સમાં સર્જન એમણે કર્યાં છે.

*ચિત્રલેખા* સાથેની વાતચીતમાં સાધુ શ્રીજીસ્વરૂપસ્વામી કહે છે કે આનું સઘળું શ્રેય પૂજ્ય પ્રમુખસ્વામીને મળે છે. આ મંદિર માટે એમનું સૂચન એવું હતું કે સ્થાપત્ય એવું હોવું જોઈએ કે અહીં આવનારાનું જીવનપરિવર્તન થવું જોઈએ. મંદિરસ્થાપત્યમાં સ્પેસ અને વૉઈડનું સંતુલન બહુ મહત્ત્વનું હોય છે. સ્પેસને વાપરવાની એક કૅલ્ક્યુલેટેડ સિસ્ટમ છે. મંદિરમાં પ્રવેશનારાની આંખ ગુંબજ પરથી ફરતી ફરતી સીધી ગર્ભગૃહમાં જાય અને એની વૃત્તિ ભગવાન તરફ વધારે ઢળે એ રીતની ડિઝાઈન અમે બનાવી છે.

સ્વામી ઉમેરે છે કે પૂજ્ય પ્રમુખસ્વામીને સ્થાપત્યની ઊંડી સૂઝ છે. દિલ્હી અક્ષરધામના નિર્માણ વખતે એમણે કરેલાં નાનાં નાનાં સૂચનથી એના સમગ્ર બાંધકામમાં બહુ મોટો ફેરફાર પડી ગયો હતો.

રોબિન્સવિલના અક્ષરધામ વિશે કહેવું હાલ ઘણું વહેલું ગણાશે, કેમ કે એને સર્જાતાં હજુ બીજાં પાંચેક વર્ષ નીકળી જશે. આમ છતાં એમાં પરિક્રમાને બાદ કરતાં ગાંધીનગર કે દિલ્હીનું પુનરાવર્તન નહીં હોય. અહીં હશે યોગાસન તથા ભારતીય શાસ્ત્રીય સંગીત શીખવતા આશ્રમ. એ એવું હશે કે અહીં આવનારાને ભારત, પ્રાચીન ભારતીય મંદિરની મુલાકાત લેવાનું મન થશે. અહીં આવનારા દર્શનાર્થી










*મયૂરકાસ્ની કળાત્મક કમાનને લીધે મંદિરને મળ્યો અનુપમ ઓપ...*

## મંદિરો શા માટે...

**અ** *હીં એક સવાલ થાય કે મંદિર શા માટે? એક સર્વસામાન્ય માન્યતા છે કે બીએપીએસ પાસે પૈસો છે એટલે એ દેશ-વિદેશમાં મંદિર બાંધે છે. મંદિરો રચવાના વ્યક્તિગત કે સામૂહિક ફાયદા શું?*

આનો સરસ જવાબ આપે છે સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય ઈશ્વરચરણસ્વામી. એ કહે છેઃ

'ક્યારેક લોકોનાં મનમાં આશ્ચર્ય થાય છે કે બીએપીએસ આટલાં બધાં મંદિર કેમ અને કેવી રીતે બાંધે છે? આ મંદિરોનાં નિર્માણના સૌથી સબળ પાયા છે હજારો આબાલવૃદ્ધ ભક્તોનો નિઃસ્વાર્થ સમર્પણભાવ.'

સ્વામી ઉમેરે છે કે આ મંદિર સ્પર્ધાથી કે એકબીજાથી ચડિયાતાં દેખાવા નથી રચાતાં, પરંતુ એ ભક્તોને આધ્યાત્મિક ઉન્નતિ અને ચિત્તની શાંતિ માટે, ભાવિ પેઢીના સંસ્કાર અને સંસ્કૃતિના રક્ષણ માટે રચાય છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામીની પ્રેરણાથી મંદિરોમાં આવનારા લોકો વ્યસનમુક્ત થાય છે. ખોટા ખર્ચા બંધ કરે છે. બદીઓ છોડી ને એમાંથી બચત કરીને સદ્કાર્ય પાછળ વાપરે છે.

એ પછી ઈશ્વરચરણસ્વામી એક વિચારપ્રેરક પ્રતિપ્રશ્ન કરે છે કે *મંદિરો શા માટે નહીં?* ખરેખર તો લોકોનાં જીવન બરબાદ કરે એવાં શરાબઘરો, કઢંગા એન્ટરટેઈન્મેન્ટ શોઝ અને રમતગમતના નામે વિકૃત ગ્લૅમર પાછળ અબજો રૂપિયાના ધુમાડા સામે સવાલ થવા જોઈએ. મંદિર તો માનવસેવાનાં ધમધમતાં કેન્દ્ર છે, જે પાંચ પ્રકારે લોકોની વ્યક્તિગત અને સામૂહિક સ્તરે સેવા કરે છેઃ આધ્યાત્મિક ઉત્કર્ષ, નૈતિક ઉત્કર્ષ, સામાજિક ઉત્કર્ષ, શૈક્ષણિક ઉત્કર્ષ અને સાંસ્કૃતિક ઉત્કર્ષ... બીએપીએસની જ વાત કરીએ તો એનાં મંદિર અનેકવિધ લોકોપયોગી કાર્યક્રમ હાથ ધરે છે. વિદેશમાં નવી પેઢીમાં ગુજરાતી ભાષા જીવંત રાખવાનું સૌથી ભગીરથ કાર્ય આ મંદિરો દ્વારા થાય છે.

બીજા શબ્દોમાં કહો તો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે મંદિરોને સામાજિક ઉત્કર્ષનાં ધામ બનાવ્યાં છે.

## સૉરી... રઘુ ગેરહાજર!

**અ**નિવાર્ય કારણસર રઘુ જેટલીની કૉલમ **જલસાઘર** આ અંકમાં પ્રગટ કરી શક્યા નથી.
રઘુ હાજર થશે આવતા અંકમાં... પ્રોમિસ!

કે પ્રવાસી ભારત ન જાય તો પણ એને અહીં આવીને ભારત આવી ગયાની અનુભૂતિ થશે. એના જીવનમાં પરિવર્તન થશે અને એ અહીંથી કંઈક લઈને જશે...

અહીંના અક્ષરધામનું સ્થાપત્ય અમેરિકનોને અથવા વિદેશીઓને સમજતાં વાર લાગે એવું ખાસ જટિલ નહીં હોય, પણ ઝટ ગળે ઊતરી જાય એવું સાદગીભર્યું હશે.

અહીં પ્રશ્ન એ થાય કે અમેરિકા જેવા ભૌતિકવાદવાળા દેશમાં બે લાખ કરતાંય વધુ સત્સંગીઓ હોય, એમનામાં ધાર્મિક ભાવના હોય અને આબાલવૃદ્ધ શુદ્ધ પવિત્ર જીવન જીવે, સતત સેવા કરે એ પાછળનું રહસ્ય શું?

એક રસપ્રદ વાત એ છે કે ૯ ઑગસ્ટે અહીં બાર યુવાન-યુવતીનાં સગપણ થયાં અને ૧૦ ઑગસ્ટે આ જ મંદિરના પરિસરમાં લગ્ન. ના, નવાઈ એ નથી. નવાઈ એ છે કે બીજા દિવસે લગ્ન હોવા છતાં તમામ યુવાન-યુવતી આ મંદિર મહોત્સવ દરમિયાન પોતપોતાના ફાળે આવેલી સેવા કરતાં હતાં. આ કેવી રીતે શક્ય બને?

આનો જવાબ આપે છે છેલ્લા લગભગ બે દાયકાથી બીએપીએસ નૉર્થ અમેરિકા-કેનેડાની સત્સંગ પ્રવૃત્તિના સંચાલક સાધુ યજ્ઞવલ્લભસ્વામી.

એ કહે છે કે સમયે સમયે ભગવાન ધર્મનું સ્થાપન કરવા એક મહાન પુરુષને મોકલતા હોય છે. પૂજ્ય પ્રમુખસ્વામી આવા જ એક દિવ્ય પુરુષ છે. એ જે દેશકાળની જરૂરિયાત હોય એ પીરસે છે. બીએપીએસ સંસ્થાએ ભારતનાં ગામડાં, શહેરમાં હૉસ્પિટલ, શાળા, કૉલેજ, છાત્રાલય બાંધ્યાં, પણ અહીંની જરૂરિયાત જુદી છે. આ દેશમાં હૉસ્પિટલ કે સ્કૂલની જરૂર નથી. જરૂર છે અહીંની બાળ, યુવાપેઢીમાં મૂલ્યો જાળવવાની. તમે રહસ્યનું પૂછ્યું તો રહસ્ય કોઈ નથી. બાળકો, યુવાનો હંમેશાં જ્યાં સાચો, નિર્વ્યાજ પ્રેમ, સાચું માર્ગદર્શન મળે ત્યાં જાય. મંદિરમાં એમની આસપાસ મિત્રવર્તુળ પણ શુભ (પૉઝિટિવ પીઅર પ્રેશર) હોય છે. અહીં એ એમની મનગમતી પ્રવૃત્તિમાં રાચે છેઃ આઉટિંગ, નૃત્ય, ધાર્મિક નાટ્યસંવાદ, સંગીત-ગુજરાતીના વર્ગો, સ્પોર્ટ્સ, વગેરે... ગયા વર્ષે અમે આટલાન્ટામાં આઠ હજાર બાલક-બાલિકા, કિશોરી-કિશોરીનું એક નૅશનલ કન્વેન્શન યોજેલું. તમે વિચાર કરો-સમર વૅકેશનમાં આવતી કાલની આ અમેરિકન પેઢી બધું મૂકીને આવા સ્પિરિચ્યુઅલ કન્વેન્શનમાં આવે એની પાછળનું પ્રેરક બળ કેવું હશે? બસ, આ છે રહસ્યઃ પ્રેરક બળ છે પ્રમુખસ્વામી.

એ જ રીતે પાંચ દાયકા કરતાં વધુ સમયથી આ સંસ્થાના વિકાસના સાક્ષી અને સહપ્રવાસી પૂજ્ય મહંતસ્વામી કહે છે કે દેશ-વિદેશના કાર્યકરો પ્રેરિત થાય છે પૂજ્ય પ્રમુખસ્વામીના નિર્માની ગુણથી.





***સત્સંગીઓને ધર્મલાભની સાથે પરંપરાગત સાંસ્કૃતિક ઝલક પણ જોવા-જાણવા-માણવા મળી...***

પ્રમુખસ્વામીના ગુરુ પૂજ્ય યોગીજી મહારાજના હાથે દીક્ષા લેનારા સંસ્થાના વડીલસંત પૂજ્ય મહંતસ્વામી ઉમેરે છે કે યોગીજી મહારાજનાય ગુરુ શાસ્ત્રીજી મહારાજ સત્યવક્તા હતા. કોઈનીય શેહમાં આવતા નહીં અને એ કહેતા કે *સાચે દેવળે ઘંટ વાગશે, મારું કાર્ય ચાલુ રહેશે-અટકવાનું નથી.* એમનાં કાર્ય યોગીજી મહારાજે આગળ ધપાવ્યાં... રવિવારની સત્સંગસભા, બાળમંડળ, યુવામંડળ પ્રવૃત્તિઓ એમણે ચાલુ કરાવી, ૫૧ સાધુ બનાવ્યા અને ૧૯૭૦ના દાયકાના આરંભમાં આફ્રિકા, લંડન સુધી સત્સંગનો પ્રસાર કર્યો. અમેરિકા વિશે એમને જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે એમણે કહ્યું કે અમેરિકામાં સત્સંગ પ્રમુખસ્વામી પ્રસરાવશે. આજે ચાર દાયકા પછી બીએપીએસ *શ્રી સ્વામિનારાયણ સંસ્થા* એક નવી ઊંચાઈએ પહોંચી છે એનું શ્રેય પૂજ્ય પ્રમુખસ્વામીની સાધુતાને મળે. આજે ૯૩ વર્ષની વયે દસ હજાર માઈલનો હવાઈપ્રવાસ ખેડીને અમેરિકા આવવા પાછળનો હેતુ શો? કેવળ પોતાના ભક્તો માટે. એમને ખબર છે કે અમેરિકાના ભક્તોએ આ મંદિર તથા અક્ષરધામ પ્રોજેક્ટ માટે તન-મન-ધનથી સેવા કરી છે તો એમને રાજી કરવા, એમને દર્શન આપવા અહીં આવવાનો સંકલ્પ કર્યો.

- અને ખરેખર, ગુરુ અથવા લીડર કેવા હોવા જોઈએ એની પ્રતીતિ ગયા અઠવાડિયે બોઈંગ પ્લેનમાં પૂજ્ય પ્રમુખસ્વામી ન્યુ જર્સી આવ્યા ત્યારે થઈ. પાંચ હજારથી વધારે હરિભક્ત પાંચ કલાક કરતાં વધારે સમયથી, ધીરજપૂર્વક બેસી રહ્યા કેવળ ગુરુની એક ઝલક મેળવવા. મધરાતે એમના આગમનમાત્રથી સમગ્ર વિસ્તાર, સમગ્ર અમેરિકા-કેનેડાનો સત્સંગ, એકેએક હરિભક્ત ચાર્જ્ડ થઈ ગયો અને એમણે પણ આ ઉંમરે જેટલેગની પરવા કર્યા વિના આગમન બાદ ગ્લાસની કેબિનવાળી વૅનમાં બેસી આખા પરિસરમાં ફરીને ભક્તોને દર્શન આપ્યાં. પાર્કિંગ લોટમાંથી છેલ્લી કાર મળસકે ચાર વાગ્યે ગઈ.

જો કે બીએપીએસ કેવળ ભવ્ય મંદિર જ બાંધે છે એવું નથી. દેશમાં એની મેડિકલ, એજ્યુકેશનથી લઈને કુદરતસર્જિત આફતમાં રાહતકાર્ય જેવી પ્રવૃત્તિથી સૌ વાકેફ છે, પણ અમેરિકામાંય સંસ્થાની પ્રવૃત્તિનું ફલક ઘણું વિશાળ છે. દેશમાંથી નવાસવા આવેલા કોઈ પણ ધર્મ કે ભાષાના ભારતીયને જે જોઈએ એ મદદ, માર્ગદર્શન સંસ્થાના કાર્યકરો કરે છે. પછી એ તબીબી સેવા હોય, નોકરીની જરૂરિયાત હોય કે ઈમિગ્રેશનને લગતું માર્ગદર્શન.

થોડા સમય પહેલાં આ વિસ્તાર પર વિનાશક વાવાઝોડું *સૅન્ડી* ત્રાટક્યું અને કંઈકેટલાં ઘરોમાં દિવસો સુધી અંધારપટ છવાઈ ગયો ત્યારે આ જ રોબિન્સવિલનો વિશાળ સભાખંડ આફતગ્રસ્તો માટે ખુલ્લો મૂકી દેવામાં આવેલો, જ્યાં સેંકડો લોકોએ આશરો લીધો. એમને ગરમાગરમ ભોજન જમાડવામાં આવ્યાં તથા બનતી બધી મદદ કરવામાં આવી.

ગુજરાતી ભાષાના નામાંકિત કવિ-પત્રકાર સ્વર્ગીય હરીન્દ્ર દવે કહેતા કે પૂજ્ય પ્રમુખસ્વામી હવામાં હાથ વીંઝીને અણમોલ ભેટ લાવી દેતા નથી કે નથી એમના ચાલવાથી કંકુનાં પગલાં પડતાં... આવા કોઈ જ ચમત્કાર એ કરતા નથી, પણ એમના દર્શનમાત્રથી લાખ્ખોનાં જીવનપરિવર્તન થાય છે એનાથી બીજો મોટો ચમત્કાર કયો હોઈ શકે? ■

feedback2ketan@chitralekha.com


**વધુ તસવીરો માટેઃ** www.chitralekha.com/mandirpix


# ટૂંક સમયમાં...

## ‘ચિત્રલેખા’નાં પૃષ્ઠો પર આકાર લેશે એક નવી-નવા પ્રકારની કથા...

વધુ વિગત... વેલ, આવતા અંકમાં!







# મહામંદિરનો મહામહોત્સવ!

**ચા**લો, અમેરિકાના ન્યુ જર્સી રાજ્યમાં આકાર પામેલા શિખરબદ્ધ મંદિરનાં દર્શન કરવા...

■ **કેતન** મિસ્ત્રી (ન્યુ જર્સી)

*આપણા માટે સારા સમાચાર એ છે કે સ્વામી બાપાનું ગરુડ વિમાન તૈયાર છે એમને અહીં લાવવા માટે... આવતી કાલે સવારે આપ ઉકાળાપાણી કરતા હશો ત્યારે બાપા ગરુડમાં બિરાજી ચૂક્યા હશે અને રાતે દસ વાગ્યા સુધીમાં અહીં પહોંચી જશે...*

પૂજ્ય યજ્ઞવલ્લભસ્વામીની આ જાહેરાત સાંભળતાં જ હકડેઠઠ ભરાયેલો સભાખંડ તાળીઓથી ગુંજી ઊઠે છે. સૌ આતુર છે સ્વામી બાપાનાં દર્શન કરવા- એમની એક ઝલક મેળવવા.

એ સભાખંડ એટલે અમેરિકાના *ગાર્ડન સ્ટેટ* તરીકે ઓળખાતા રાજ્ય ન્યુ જર્સીની *રોબિન્સવિલ* નામની નગરીમાં ઉદ્ઘાટિત થનારા નવા સ્વામિનારાયણ મંદિરનો સભાખંડ અને સ્વામી બાપા એટલે *બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ)*ના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી.

આ લખાય છે ત્યારે (અમેરિકાના સોમવાર, ૪ ઓગસ્ટ, ૨૦૧૪ની મોડી રાતે) અહીંના હરિભક્તોમાં એક જબરો ઉત્સાહનો થનગનાટ જોવા મળે છે.

*ચિત્રલેખા*એ મોડી રાતે રોબિન્સવિલની મુલાકાત લીધી ત્યારે મંદિરના વિરાટ પરિસરમાં હજારો હરિભક્તો આનંદથી ઝૂમી રહ્યા હતા અને આનંદમાં શું કામ ન હોય? આફ્ટર ઑલ, સ્વામી બાપાનાં દર્શન એમને બરાબર સાત વર્ષ પછી થવાનાં છે. છેલ્લે સ્વામીજી ૨૦૦૭માં આટલાન્ટા તથા કેનેડાના ટોરન્ટોમાં એમ બે મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે અમેરિકા પધારેલા.

અમેરિકાનાં શિકાગો, હ્યુસ્ટન, આટલાન્ટા, લોસ એન્જલિસ તથા ટોરન્ટો બાદ છઠ્ઠા શિખરબદ્ધ મંદિર, ન્યુ જર્સીની નગરી રોબિન્સવિલમાં નવા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા કરવા સ્વામી પુનઃ અમેરિકા આવી રહ્યા છે એટલે અહીંના ભક્તોમાં જે અનેરો ઉત્સાહ હોય એ સમજી શકાય... *ચિત્રલેખા*નો આ અંક આપ વાંચતા હશો ત્યાં સુધીમાં સ્વામી બાપાનું ચાર્ટર પ્લેન એમના સેવક સંતો તથા ડૉક્ટરોની ટીમ સાથે બ્રસેલ્સ થઈને ન્યુ જર્સી આવી પહોંચ્યું હશે અને ગુરુવાર, ૮ ઓગસ્ટથી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના વિવિધ કાર્યક્રમની શરૂઆત થઈ ગઈ હશે.

*ચિત્રલેખા*એ રોબિન્સવિલની મુલાકાત લીધી ત્યારે મંદિરને આખરી સ્પર્શ આપવામાં આવી રહ્યો હતો.

*શું ત્રણ-ચાર દિવસમાં બાકી રહેલું કામ પૂરું થઈ જશે?*

એના જવાબમાં અમેરિકાની એક પ્રતિષ્ઠિત હેલ્થ કંપનીના સીઈઓ અને હાલ મંદિરનિર્માણકાર્યમાં સેવા આપી રહેલા યુવાન **દીપલ પટેલ** કહે છે:





'બાય ઑલ મીન્સ! ઍક્ચ્યુઅલી, આ બધું અમે નથી કરી રહ્યા, બલકે સ્વામી બાપાએ અમારામાં મૂકેલી કોઈ અકળ શક્તિ અમારી પાસે આ બધું કરાવી રહી છે. દિલ્હી અક્ષરધામ પણ વિક્રમસર્જક પાંચ વર્ષમાં તૈયાર થઈ જ ગયું હતું ને?'

આરસપહાણના પથ્થરમાંથી નિર્મિત તથા પ્રાચીન ભારતીય શિલ્પશૈલીનું આ મંદિર અહીં બાંધવામાં આવનારા સ્વામિનારાયણ અક્ષરધામના એક ભાગ રૂપે સરજવામાં આવ્યું છે. ૨૦૧૩ના ઑક્ટોબરમાં ૧૪૧ ફૂટ ઊંચાઈવાળા આ મહામંદિરના નિર્માણની પ્રથમ શિલા વૈદિક વિધિપૂર્વક રોપવામાં આવી હતી.

દરમિયાન આ શિખરબદ્ધ નૂતન મંદિરની મૂર્તિઓના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉમળકાભેર ભાગ લેવા અમેરિકા તથા કેનેડા ઉપરાંત લંડન, આફ્રિકા, મુંબઈ, વગેરેથી સેંકડોની સંખ્યામાં હરિભક્તો અહીં ઊમટી રહ્યા છે. હાલ અહીં સમર એટલે કે ઉનાળો ચાલતો હોવાથી હવામાન પણ સૌકોઈને અનુકૂળ આવે એવું છે.

મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ઉપરાંત શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી સીતા-રામપરિવાર, શ્રી શિવ-પાર્વતીપરિવાર તથા સ્વામિનારાયણ સંસ્થાની ગુરુપરંપરાની મૂર્તિઓની પ્રતિષ્ઠા પૂજ્ય પ્રમુખસ્વામીના વરદ હસ્તે શાસ્ત્રોક્તવિધિથી થશે.

મૂર્તિપ્રતિષ્ઠા ઉપરાંત અહીં યોજાશે વિશ્વશાંતિ મહાયજ્ઞ, મૂર્તિઓની શોભાયાત્રા, બાળકો-કિશોરો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, વગેરે...

*ચિત્રલેખા*એ આ પરિસરની મુલાકાત લીધી ત્યારે *રોબિન્સવિલ સ્કૂલ*ના શિક્ષકો એમના વિદ્યાર્થીઓને નવનિર્મિત મંદિર બતાવવા લઈ આવેલા. એ શિક્ષકો તથા વિદ્યાર્થીઓ *ચિત્રલેખા*ને કહે છે:

'ભારત તથા હિંદુ ધર્મ સંસ્કૃતિ વિશે અમારાં મગજમાં સાવ વિચિત્ર, કહો કે ભ્રમણા હતી, પણ આ મંદિર તથા એનું બારીક નકશીકામ જોયા બાદ અમારી બધી ભ્રમણા ભાંગી ગઈ.'

છેલ્લાં ત્રણેક વર્ષથી ન્યુ જર્સી આવેલા રાજસ્થાનના આશરે બે હજાર જેટલા કારીગરો ટાઢ-તડકો જોયા વગર મંદિરનિર્માણકાર્યમાં લાગી ગયા છે.

આવા એક કારીગર **સોહનલાલ** *ચિત્રલેખા*ને કહે છે:

'હું કારીગર ખરો, પણ બારીક નકશીકામનો હુન્નર હું અહીં શીખ્યો. પ્રમુખસ્વામીની પ્રેરણાથી બંધાતાં નવાં મંદિરોને લીધે લગભગ મૃતપ્રાય થઈ ગયેલી અમારી કળાને એક નવું જીવનદાન મળ્યું ઉપરાંત આવા પવિત્ર વાતાવરણમાં કામ કરવાને લીધે અમારામાં રહેલા સઘળા દોષ ટળી ગયા. અમે વ્યસનમુક્ત બની ગયા છીએ.'

ઉલ્લેખનીય છે કે અમેરિકા જેવા દેશમાં આવાં મંદિર બનાવવાં એ બહુ કપરું કાર્ય છે, કેમ કે દરેક વિસ્તારની જમીન પર શું બની શકે એ સ્થાનિક મહાપાલિકા નક્કી કરે. કોઈ જમીન ખરીદી લે અને ત્યાં શૉપિંગ મૉલ બનાવી કાઢે એ ન ચાલે. એ રીતે આવી વિશાળ ભૂમિ પર મંદિર તથા અક્ષરધામ બનાવવા જાતજાતની રજૂઆત કરવી પડે, એના નકશા બનાવવા પડે-બતાવવા પડે ને એમને ગળે વાત ઉતારવી પડે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દૃષ્ટિએ તમે કેટલા સજ્જ છો.

આ મહોત્સવના દરેક કાર્યક્રમનું લાઈવ વેબકાસ્ટ baps.org પર જોવા મળશે. ■



***પૂજ્ય પ્રમુખસ્વામીની હાજરીમાં મૂર્તિપ્રતિષ્ઠા થાય એ પહેલાં મંદિર તથા એના સંકુલને અપાઈ રહ્યો છે છેલ્લો ઓપ.***

## આવતા અંકમાં...

***આ મંદિરની વિશિષ્ટતા તથા અહીંના હજારો હરિભક્તોનાં સમર્પણ-શ્રદ્ધા ઉપરાંત અહીંના યુવા વૉલિન્ટિયર્સની પ્રેરક કથા તથા મૂર્તિપ્રતિષ્ઠા, ઉત્સવો, વગેરેનો આંખેદેખ્યો અહેવાલ 'ચિત્રલેખા'ના આગામી અંકમાં...***